# ઈસ્લામ : દીને કામિલ અને તમામ

અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં ફરમાવું છે કે, "ઈન્નદ્દીન ઈન્દલ્લાહિલ ઈસ્લામ", અલ્લાહને નઝદીક કોઈ દીન હોય તો તે હકીકતન ઈસ્લામ જ છે. દીન નામૂસે ઈલાહી છે અને કાનૂને શરીઅત છે. અલ્લાહતઆલાએ ખુદ તેની તશકીલ - ફોર્મેશન કીધું છે તેથી તે અલ્લાહનું દીન છે અને કોઈ નુકસ-કમી યા કે કુસૂર બગૈરનું છે. આ દીન કયામતના દિન તક આવનારી ઈન્સાની નસ્લોની હિદાયત અને અમલ વાસ્તે છે, જેના અહકામને અલ્લાહતઆલાએ ૧૮ મી ઝિલ્હજ હી.સ. ૧૦ માં ગદીરે ખુમની જગામાં **" અલ યવમા અકમલતો લકુમ દીન કુમ "** ની આયત નાઝિલ ફરમાવીને પૂરા કીધા અને ઉમ્મતે મોહંમદી તરફ પહોંચાડી દીધા. આ દિન પછી ઉમ્મત પાસે કોઈ સવાલ બાકી ન રહ્યો કે, જેનો જવાબ કુરઆને કરીમ ને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર નાઝિલ કરીને આપી ન દીધો હોય. ખુદાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને તનઝીલના સાહબ બનાવા અને આપે પયગામે ઈલાહીને મુસલમાનો તરફ હરફ-બ-હરફ પહોંચાડી દીધો કે લોગો એમ સવાલ ન કરે કે, હમારે પાસે હમારી આખેરતની ખૈર ખ્વાહી વાસ્તે આગલી ઉમ્મતો પર જે રસૂલો મોકલવામાં આવા હતા તેમ હમારા પર રસૂલ યા કે કિતાબ ઉતારવામાં નથી આવી !

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પાઁચમાં નાસિખે શરીઅત-યાઅની કે ઈસા રૂહિલ્લાહ (અ.સ.) ની શરીઅતને માંજનારા છે, મીટાવનારા છે અને પાઁચમાં ઉલુલ અઝમના સાહબ છે. આપની શરીઅત આગલી તમામ શરીઅતોની જામેઅ બલ્કે કામિલ શરીઅત છે, જેમાં આજ તક કોઈ કચાસ નઝર આવી નથી, ન તો કોઈ શખ્સ તેમાં ખતા નીકાલવાની જુર્અત કરશે. શરીઅતના ફરમાનો મુજબ ફરઝો સુન્નત અને આઅમાલ હર ઝમાન વાસ્તે યકસાં છે, જેમાં તબ્દીલી, ઉંચ-નીચ, ઉમેરો-સુધારાની કોઈ ગુંજાઈશ નથી. **આ તો અલ્લાહ તઆલાની તે સુન્નત છે કે જેમાં તમે ફેર-બદલ જોશો નહીં.** તે અલ્લાહતઆલાના મિકયાસ-મેસરમેન્ટ પર મબ્ની હોય છે પણ આજના લોગો નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત અને સુન્નતે નબવીયાહના આઅમાલમાં નઊઝોબિલ્લાહ ખામખયાલી કરીને ખતા નીકાલે છે અને કહે છે કે, આ તે ખુસૂસી ઝમાના વાસ્તે જ રાઈજ હતી અને આજે આ વાતો બે-માઅના છે અને out of date થઈ ગઈ છે. વુઝૂનાં અરકાનમાં કમી, બયતુલ ખલાનાં આદાબ બજા લાવવામાં કુસૂર, મસ્જિદનો એહતેરામ કરવામાં બેરૂખી, સુન્નત-તતવ્વોઅ અને નાફેલતની નમાઝોમાં ચોરી, તહજ્જુદ-બેહુરીની નમાઝોની અદાએગીમાં ઢીલાશ, દોઆઓ-તસ્બીહો અને વઝીફાઓ પઢવામાં શિતાબી; અકીકા, ખતાનત અને રૂસૂમાતે શાદીમાં બે રાહોરવી, મીસાકો-બયઅતની પાબન્દીમાં છટકબાઝી, લિબાસ યા મકાનની પાકી-નાપાકી સાચવવામાં હલકાશ અને દીગર આઅમાલમાં ગૈર તવજ્જોહ નઝર આવે છે.

લોગો પોતાનાં દિલના ખોટા મકસદો, ફસાદદાર ખયાલાતો, બેબુનિયાદ અકીદાઓ પર દારોમદાર રાખીને પોતાના ફાવટ-સહૂલત મુજબ અને હવાનફસી-મનમાનીનાં ઝોકામાં શરીઅતને માપે છે અને આખિર ધોકો ખાઈ જાય છે અને ગુમરાહ થઈ જાય છે; અને એમ માની લે છે કે જે તે સોચે છે અને અમલ કરે છે તે જ બરાબર છે. શરીઅતનાં કદીમ-જૂના અહકામો પર ચાલવાનો કોઈ મતલબ નથી. જેવો વક્ત તેવી વાત. તે કહે છે કે બાઝ કુરઆની અહકામો નઊઝોબિલ્લાહ ફરસૂદહ અને બોસીદહ થઈ ગયા છે. **તેમાં તરમીમો તબદીલ કરવાની ઝરૂરત છે.** કોઈ કહે છે કે, વ્યાજનું લૈન-દૈન જાઈઝ છે એ શરત પર કે તે કમ હોય અને ઓછો ફાયદો હોય - કોઈ કહે છે કે, બૈવા બૈરો પર ઈદ્દતના ચાર મહીના દસ દિન પાલવા લાઝિમ નથી અને ઈદ્દતનાં આદાબ છોડીને તે કોઈ પણ જગાએ જઈ શકે છે - કોઈ શરીઅતે ગર્રાઅ પર ઈલ્ઝામ મૂકે છે કે, તલાકને વક્ત ત્રણ મહીનાની ઈદ્દત જાઈઝ નથી, બૈરો હામેલા છે કે નહીં તે આજે સાયન્સી તકનીકોથી પલભરમાં ખબર પડી જાય છે; પણ યહાં કહેનારને તલાકની નઝાકતની ખબર નથી કે આ મુદ્દત રજઅત વાસ્તે છે કે જેથી આપસમાં સુલહના દરવાઝાઓ ખુલ્લા રહે છે - બાઝ કહે છે કે, રિદા-ખૈસ-બુરકોઅની ઝરૂરત નથી, બૈરોને ઢીલાઢાલા લિબાસ જ પહેરવા જોઈએ અને રિદાના તકલ્લુફથી બાઝ રહેવું જોઈએ - ચંદ લોગો કહે છે કે, ખિદમતે ખલ્ક એ જ સાચી સાદિક ઈબાદત છે, યાઅની કે ઈબાદતે ખાલિકની ઝરૂરત નથી હાલાકી ઈબાદતે ખાલિક અને ખિદમતે ખલ્ક બંને પોતાની જગા પર બરાબર છે પણ અલ્લાહની ઈબાદતને મખ્લૂકની ખિદમતમાં શુમાર કરી લેવી એ સરાસર ગલત અને નારવાઁ છે. આ મુજબના અકીદાઓ અને શરઈ ફિકરો ખયાલાતમાં ફસાદ, ખુલ્લેઆમ જહાલત અને ગુમરાહી છે. જેનું ઠેકાણું નારે જહન્નમ છે.

દુનિયાના તમામ ઈન્સાન પૈદા થાતી વક્ત ઈલ્મ અને ઈરફાનથી ખાલી હોય છે; પછી તે તાઅલીમ લે છે અને આલિમ બને છે. અલ્લાહએ ઈન્સાનને જ અકલ અને તાઅલીમ લેવાની કુદરત બખ્શી છે જે હયવાન ને નથી. અને તમામ ઈલ્મોમાં અલ્લાહની તૌહીદ અને શરીઅતનું ઈલ્મ આઅલા અને અફઝલ છે. તમામ બંદાઓ પર અલ્લાહની માઅરેફત લાઝિમી છે. તેથી અલ્લાહતઆલા કુરઆને કરીમમાં કિસ્સએ આદમો ઈબલીસમાં ફરમાવે છે કે, **" અય ઇન્સાન ! તું ઇબ્લીસ જેમ તાગી અને બાગી ન થઇ જા અને ખાલિકની નઝરમાં મનહૂસ અને રજીમ ન બન. "** ઈબ્લીસ પોતાની રાઈ-સોંચ અને કિયાસ-ગલત અર્થઘટન કરીને હિદાયતની રાહ પરથી ભટકી ગયો. દીનમાં કિયાસ અને ખુદની રાઈની કોઈ જગા નથી. જેઓએ આ ભૂલ કીધી તે ભટકાઈ ગયા અને રેહમતે ખુદાવંદીથી ના ઉમ્મીદ થઈ ઈબ્લીસ-શયતાનિર્રજીમ બની ગયો. તેઓએ પોતાની રાઈ કામે લગાડીને હલાલને હરામ, હરામને હલાલ, જાઈઝને નાજાઈઝ, નાજાઈઝને જાઈઝ બતાવવા લાગા અને **શરીઅતની તબાઅતને છોડીને બિદઅતની રાહ પર ગામઝન થયા.** ઈમામે હક્કને મૂકીને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)એ જેને ઉમ્મતના ઈમામ બનાવા ન હતા તેને પોતાના હાદી બનાવી દીધા અને સિરાતુલ મુસ્તકીમ છોડી દીધો. અલ્લાહતઆલા મુમેનીનને હક્કના દોઆતો હોદાતના દામનમાં લઈને શરીઅતના તાબેદાર બનાવી સિરાતુલ મુસ્તકીમ પર કાઈમ દાઈમ રાખે. આમીન... ★